દર મહિને પ્રગટ થતું
ગુજરાતી વિશ્વકોશનું સંપર્કપત્ર

# વિશ્વવિહાર

વર્ષ : 13 * અંક : 09 * જૂન 2011 * કિં. રૂ. 5



વિશ્વકોશ લલિતકલાકેન્દ્રની કલાવીથિકા (આર્ટ ગૅલરી)નું ઉદ્ઘાટન કરતા
શ્રી અમિત અંબાલાલ, શ્રી ધીરુભાઈ ઠાકર, શ્રી હકુભાઈ શાહ અને શ્રી અનિલ રેલિયા



શ્રી હકુભાઈ શાહનાં ચિત્રો



શ્રી હકુભાઈ શાહનું સ્વાગત
કરતા શ્રી ધીરુભાઈ ઠાકર



કલાવીથિકાનો
દીપ-પ્રાગટ્યથી પ્રારંભ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી કુમારપાળ દેસાઈ,
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી
સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી
ઑફસેટ, બારડોલપુરા, દરિયાપુર દરવાજા બહાર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org

છૂટક કિંમત રૂ. ૫/-, વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-
લવાજમ : ‘ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ’ના નામે ડ્રાફ્ટ અથવા મ.ઓ.થી જ મોકલવું.

[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# બે નવાં કદમ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા બે વિશિષ્ટ પ્રવૃત્તિઓનો ૨૮મી મે અને ૨૯મી મેએ પ્રારંભ થયો.

આજથી પચીસ વર્ષ પહેલાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે એની કોશપ્રવૃત્તિનો પ્રારંભ કર્યો. આરંભે એનો હેતુ ગુજરાતી ભાષામાં વિશ્વના વિવિધ જ્ઞાનને આવરી લેતો સર્વસંગ્રાહક કોશ કરવાનો હતો. ગુજરાતી વિશ્વકોશના 'અ' થી 'હ' સુધીના ૨૫ ગ્રંથો પ્રકાશિત થયા અને આજે એના ૧થી ૬ ગ્રંથોની સંવર્ધિત ત્રીજી આવૃત્તિ પ્રગટ થઈ ચૂકી છે. બાળવિશ્વકોશ, ચરિત્રકોશ, પરિભાષાકોશ અને નાટ્યકોશની રચના થઈ રહી છે અને તેમાં બાળવિશ્વકોશના તો પ્રથમ બે ભાગ પ્રકાશિત થઈ ચૂક્યા છે. માહિતી કેન્દ્ર, સંશોધન કેન્દ્ર અને ધન્ય ગુર્જરી કેન્દ્ર દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. પાંચ જેટલી ગ્રંથશ્રેણીઓમાં કુલ ૪૩ જેટલાં મૂલ્યવાન પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાનવિજ્ઞાન વ્યાખ્યાન-શ્રેણી દ્વારા અત્યાર સુધીમાં ૧૨૪ વ્યાખ્યાનો થઈ ચૂક્યાં છે. 'વિશ્વવિહાર' એ એનું દર મહિને પ્રગટ થતું મુખપત્ર છે.

આજથી એક વર્ષ પહેલાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે લલિતકલાકેન્દ્રની સ્થાપના કરી અને એના અન્વયે તાજેતરમાં ૨૮મી મે, શનિવારના રોજ સાંજે સાડા પાંચ વાગ્યે કલાવીથિકા(આર્ટગૅલરી)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે ઉદ્‌ઘાટક શ્રી અમિત અંબાલાલે શુભેચ્છા આપતાં જણાવ્યું કે અમદાવાદમાં ઘણી ગૅલરી છે અને દરેકને પોતાનું વ્યક્તિત્વ છે, પરંતુ ગુજરાત વિશ્વકોશને પોતાનું એક આગવું ઑડિયન્સ છે તેથી આ એક વિશિષ્ટ ગૅલરી બની રહેશે. બીજી આર્ટ ગૅલરી કરતાં આ ગૅલરીની વિશેષતા એ છે કે એના સભાખંડમાં કલાકારને પોતાની કલાપ્રક્રિયા વિશે વાત કરવાની અને ચિત્રો દ્વારા એમની કલાયાત્રા પાવર પૉઇન્ટ પ્રેઝન્ટેશનથી દર્શાવવાની સગવડ છે. આ દૃષ્ટિએ આ કલાવીથિકા અમદાવાદની કલાવીથિકાઓમાં વિશિષ્ટ ગણાય. આ સંસ્થામાં કાર્યક્રમ કરવો તે કલાકારને માટે એક લહાવો છે એનો મને સાક્ષાત્ અનુભવ છે અને હું ખાતરી આપું છું કે ભવિષ્યમાં તમે કહેશો ત્યારે ચિત્રકલાની દૃષ્ટિએ કાર્યક્રમ કરીશું.

આ કલાવીથિકા તૈયાર કરવામાં શ્રી અનિલ રેલિયાનું મહત્ત્વનું યોગદાન રહ્યું. એમણે એમના વક્તવ્યમાં જણાવ્યું કે કલાવીથિકાની આ રચના મારે માટે એક આનંદદાયક અનુભવ છે. શબ્દની કલા સાથે રંગ અને રેખાનું આ વિરલ સાયુજ્ય છે અને આ સંસ્થાએ દર બે મહિને એક કાર્યક્રમ યોજવાની મને સોંપેલી સ્નેહભરી જવાબદારી આનંદપૂર્વક સ્વીકારું છું. આ કલાવીથિકા તૈયાર કરવામાં શ્રી ઉમેશભાઈ પટેલે ઉમદા સહયોગ આપ્યો હતો.

આ પ્રસંગે યોજાયેલા આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ ધરાવતા ચિત્રકાર પદ્મશ્રી હકુભાઈ શાહનો પરિચય જાણીતા કલામીમાંસક શ્રી જયદેવ શુક્લે આપતાં કહ્યું કે ગ્રીષ્મની ગુલમહોરી સાંજે કલાવીથિકાનું ઉદ્‌ઘાટન શ્રી હકુભાઈ શાહના ચિત્રપ્રદર્શનથી થઈ રહ્યું છે તે આનંદની ઘટના છે. હકુભાઈએ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં શ્રીધર નારાયણ બેંદ્રે અને શંખો ચૌધરી જેવા ચિત્રકારો પાસે દીક્ષા અને શિક્ષા લીધી છે અને એમનો એમની કલામાં પ્રભાવ રહ્યો છે. હકુભાઈએ એમની ચિત્રકલાને પ્રકૃતિ સાથેના સંવાદમાં સતત વ્યક્ત કરી છે. ખુદવફાઈથી કામ કરનાર શ્રી હકુભાઈની સાદગી અને પારદર્શકતા એમનાં ચિત્રોમાં અનુભવાય છે. જ્યારે શ્રી અમિતભાઈનાં ચિત્રો અનુભવમાંથી આવે છે. ભાવાભિવ્યક્તિનું આદાન-પ્રદાન એમનાં ચિત્રોમાં જોવા મળે છે.

જેમનાં ચિત્રોમાં સાદગીભર્યું સૌંદર્ય અને સૌંદર્યની સાદગી જોવા મળે છે એવા શ્રી હકુભાઈ શાહે જણાવ્યું કે મને બધી કલાઓ પ્રત્યે પ્રેમ છે. કલાકાર જ્યારે કંઈ કરે છે ત્યારે એમાં કશું જૂઠું નથી કરી શકતો અને એટલે જ મને લેખકનું કાચું લખાણ જોવાનું બહુ ગમે છે. કવિ ઉમાશંકર ટપકું કરે તો કેવું કરે એમાં મને રસ પડે. પાવર પૉઇન્ટ દ્વારા એમણે એમનાં ચિત્રો મા અને બાળક, પુરુષ અને સ્ત્રી, સૂર્ય અને ચંદ્ર, માટલા સાથે સ્ત્રી, ખિસકોલી વગેરેનો આસ્વાદ કરાવ્યો હતો. સાત ચિત્રોની સિરીઝમાં ગાંધીને સુંદર રીતે ઉપસાવ્યા છે. તેઓ કહે છે કે ઝાડના થડને પુરુષ તરીકે જોવાનું મને બહુ ગમે છે. Creativity is in man's nature.

કાર્યક્રમના પ્રારંભમાં શ્રી કુમારપાળ દેસાઈએ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની અનેકવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ આપીને કહ્યું કે બીજમાંથી વૃક્ષ થાય અને વૃક્ષમાંથી વડવાઈ થાય એ રીતે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની કોશપ્રવૃત્તિ અને કલાપ્રવૃત્તિ નિરંતર વિકસતી રહી છે. આ એક વણથંભી વિકાસયાત્રા છે અને એનું લક્ષ્ય વિશ્વસંસ્કૃતિનો સંસ્પર્શ કરાવવાનું છે. ગુજરાત વિશ્વકોશના લલિતકલાકેન્દ્ર વિશે માહિતી આપતાં શ્રી હિના શુક્લે જણાવ્યું કે જાન્યુઆરી ૨૦૧૦માં આ કેન્દ્રની સ્થાપના થઈ. તેમાં જ્ઞાન સાથે કલાઓનો સંગમ થાય એવી અમારી મહેચ્છા હતી. આ કેન્દ્ર દ્વારા વર્ષ દરમિયાન કાવ્ય-સંગીત શ્રેણી, નાટ્યપઠન, નાટ્યપ્રસ્તુતિ, નૃત્યપ્રસ્તુતિ, ગરબા, કંઠ્યસંગીત, વાદ્યસંગીતના પંદરેક કાર્યક્રમો રજૂ થયા. આજે એમાં કલાવીથિકાનો ઉમેરો થઈ રહ્યો છે, તેનો અનેરો આનંદ છે. વિશ્વકોશ એ જ્ઞાન અને કલાની પુણ્યભૂમિ બની રહેશે. આ પ્રસંગે ગુજરાતી વિશ્વકોશના પ્રમુખ સંપાદક અને પ્રેરણામૂર્તિ શ્રી ધીરુભાઈ ઠાકરે અમિત અંબાલાલનું, શ્રી ચંદ્રકાન્ત શેઠે શ્રી રાજેન્દ્ર પટેલનું, શ્રી નીતિન શુક્લે શ્રી જયદેવ શુક્લનું તેમજ શ્રી અમિતાભ મડિયાએ શ્રી અનિલ રેલિયાનું સ્વાગત કર્યું હતું.

## આજની વાત

કવિ અને વાર્તાકાર શ્રી રાજેન્દ્ર પટેલે સમાપન કરતાં જણાવ્યું કે આજે શબ્દઘરમાં સૌંદર્યની સ્થાપના થઈ છે. કલાવીથિકા સંસ્કારવીથિકા બની સંસ્કૃતિવીથિકા બની રહેશે. અમિતભાઈએ આજે સાચા અર્થમાં આવરણમોચન કર્યું છે. કાર્યક્રમનો પ્રારંભ ડૉ. અલ્પા શાહની પ્રાર્થનાથી થયો અને સમગ્ર શનિવારની એ સાંજ સહુ માટે એક અનેરો અનુભવ બની રહી.

આ પ્રસંગે ગુજરાતના અનેક પ્રસિદ્ધ ચિત્રકારો અને સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા અને સહુના ચહેરા પર સુંદર કલાપ્રવૃત્તિના આરંભનો આનંદ પ્રગટ થયો હતો. આ પ્રદર્શન ત્રણ દિવસ ચાલુ રહ્યું જેનો કલારસિકોએ બહોળી સંખ્યામાં લાભ લીધો.

*

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ૨૯મી મે, રવિવારે સવારે દસ વાગ્યે આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક અર્પણ-સમારોહ યોજવામાં આવ્યો. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક સમિતિએ પૂર્ણ આર્થિક સહયોગ આપીને આ ચંદ્રકના કાર્યક્રમનું આયોજન કરવાનું સોંપ્યું હતું. આ ચંદ્રક મધ્યકાલીન સાહિત્ય, પુરાતત્ત્વ જેવાં ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સંશોધન કરનારને દર બે વર્ષે આપવાનું નક્કી કરવામાં આવ્યું. આ ચંદ્રક મધ્યકાલીન સાહિત્યના સંશોધક ડૉ. ચિમનલાલ ત્રિવેદીને અર્પણ કરવામાં આવ્યો.

ભારતીય સંસ્કૃતિ અને જૈન ધર્મના વારસાને જગત સમક્ષ રજૂ કરનાર, ગ્રંથભંડારોને વ્યવસ્થિત કરીને સૂચિ ઉપલબ્ધ કરાવનાર, પ્રાચીન જૈન ગ્રંથોના ઉદ્ધારક તરીકે અનન્ય સેવા કરનાર તથા આગમગ્રંથોનું પરિશ્રમપૂર્વક સંપાદન કરીને 'આગમપ્રભાકર' બિરુદથી સર્વત્ર જાણીતા એવા મુનિરાજશ્રી પુણ્યવિજયજી મ.સા.ની સ્મૃતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિશાળ જનસમૂહ ઉપસ્થિત રહ્યો હતો. પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિજી મ.સા.ની નિશ્રામાં યોજાયેલા આ કાર્યક્રમનો પ્રારંભ તેઓના માંગલિકથી થયો હતો. ત્યારબાદ શ્રી ઇન્દુબહેન પંડિતે તથા શ્રી શિરીષ પંડિતે પ્રાર્થના અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરનાં ગીત પ્રસ્તુત કર્યાં હતાં. સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રમુખ શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ આ પ્રસંગે ઉપસ્થિત હતા. પ્રારંભમાં શ્રી કુમારપાળ દેસાઈએ કહ્યું હતું કે આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજીનું કાર્ય વિશ્વસંસ્કૃતિમાં સ્થાન ધરાવે છે. તેથી આજે વિશ્વકોશને માટે એમને અંજલિ આપવાનો પ્રસંગ આવ્યો છે.

સોળ સોળ મહિના સુધી કોઈ પણ પ્રકારની સાધનસામગ્રી વિના સિંધના રણની નજીક આવેલા જેસલમેર ગ્રંથભંડારના ઉદ્ધારનું અવિસ્મરણીય કાર્ય – કોઈ સગવડ નહીં, અંધારાં સ્થાનોમાં રહેલી હસ્તપ્રતોને જીવની પેઠે જતનથી જાળવીને બહાર કાઢવાનું, એને સુરક્ષિત કરવાનું અને એની સૂચિ બનાવવાનું મહત્ત્વનું કાર્ય. એમના હાથમાં

હસ્તપ્રત આવે એટલે એ એની આપવીતી કહેવા માંડે. એમણે કરેલા આદર્શ સંશોધનગ્રંથો મળે છે, પણ એ સહુમાં એમનું મહાન કાર્ય તે આગમ સંશોધનનું છે. ૧૫૦૦ વર્ષ પહેલાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે કરેલું આગમન-સંકલન જેવું શકવર્તી અને સુદીર્ઘ કાળ સુધી ઉપકારક કાર્ય હતું.

આ પછી મધ્યકાલીન સાહિત્યના સંશોધક, વિવેચક અને ૩૯ વર્ષ સુધી અધ્યાપક તરીકે આગવી કામગીરી કરીને વિદ્યાજગત અને સાહિત્યજગતમાં આદરપાત્ર બનેલા શ્રી ચિમનલાલ ત્રિવેદીના વિવેચનકાર્યનો પરિચય આપતાં પ્રસિદ્ધ કવિ અને સર્જક ડૉ. ચંદ્રકાન્ત શેઠે કહ્યું કે, ચિમનભાઈએ સંશોધન, સંપાદન અને વિવેચનનું ઉચ્ચ પ્રકારનું વિત્ત એમના મધ્યકાલીન સાહિત્યવિષયક લખાણોમાં પ્રગટ થાય છે. 'ભાવલોક', 'ભાવમુદ્રા', 'ભાવબિંબ', 'ભાવરેખ' અને 'ભાવચર્યા' જેવા વિવેચનસંગ્રહોમાં જોવા મળતી ચિમનભાઈની વિવેચનશક્તિનું મૂલ્યાંકન કર્યું હતું અને એમના પિંગળના ઊંડા અભ્યાસની નોંધ લીધી હતી. એમની વિવેચનાની તાસીર અધ્યાપકીય વિવેચનાની છે. એમાં સંનિષ્ઠા અને સ્વાધ્યાયપરાયણતાનું બળ જોઈ શકાય છે. આ ઉપરાંત કાવ્યગ્રંથોની તેમજ સાહિત્યના પ્રકારો અને પ્રવાહોને ધ્યાનમાં લઈને કરેલી એમની વિવેચનાની વાત કરી હતી અને કહ્યું હતું કે વિવેચનના મહત્ત્વના બધા પ્રકારો એમણે ખેડ્યા છે અને હવે ચિમનભાઈએ એમનામાં રહેલા ભાવનાશીલ ચિંતક-સર્જકને ન્યાય આપવા માટે સર્જનાત્મક સાહસ કરે તેવી સદ્‌ભાવના પ્રગટ કરી હતી.

શ્રી રમણ સોનીએ જણાવ્યું કે ચિમનભાઈ ત્રિવેદી ૧૯૫૦માં બી.એ. થયેલા ત્યારે એમને 'કે. હ. ધ્રુવ' પ્રાઇઝ મળેલું ત્યારે જ તેમણે સંકેત આપી દીધો હતો. તેમણે કે. બી. વ્યાસ પાસે 'નાકર' પર સંશોધનકાર્ય કર્યું તે નમૂનારૂપ છે. કેન્દ્રીય સાહિત્ય અકાદમી દ્વારા ચિમનભાઈ ત્રિવેદીએ 'સર્વે ઑફ મેડિયેવલ ગુજરાતી લિટરેચર'માં જે કામ કર્યું તેમાં મધ્યકાળનો અભ્યાસ સૌથી સારી રીતે પ્રગટ થયેલો જોવા મળે છે. એમનું બીજું મહત્ત્વનું કામ પિંગળનું છે. ગુજરાતી છંદો વિશે એમણે ઘણા સારા લેખો આપ્યા. એના સંશોધનમાં ઝીણવટભરી શુદ્ધિ-બુદ્ધિની જરૂર પડતી હોય છે અને ચિમનભાઈએ એ દૃષ્ટિનો લાભ અર્વાચીન સાહિત્યને આપ્યો છે. ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ગુજરાતી સાહિત્યના ઇતિહાસના ચાર ખંડોમાં મહત્ત્વના સંપાદક તરીકે કામ કરીને તેના શોધન-વર્ધનના કામમાં પણ ઘણી મોટી મદદ કરી છે.

એ પછી મહાનુભાવો દ્વારા શ્રી ચિમનભાઈ ત્રિવેદીનું અભિવાદન કરવામાં આવ્યું. આ આયોજનના કાર્યમાં શેઠાણી માણેકબહેન જમનાભાઈના સ્મરણાર્થે શેઠ જમનાભાઈ ભગુભાઈ ટ્રસ્ટ તરફથી ઉત્કૃષ્ટ સહયોગ સાંપડ્યો હતો. છેક વિક્રમ સંવત ૧૯૫૨માં જમનાભાઈ ભગુભાઈનાં પત્ની માણેકબહેન જમનાભાઈએ જ્ઞાનોદ્ધાર, આરોગ્યસેવા,

વૈયાવચ્ચ અને જીર્ણોદ્ધાર માટે તેર જેટલાં ટ્રસ્ટો કર્યાં હતાં. એની પ્રવૃત્તિ માત્ર જૈન સમાજ સુધી મર્યાદિત રાખવાને બદલે જનસામાન્યને આર્થિક, શૈક્ષણિક અને આરોગ્યલક્ષી સહાય મળે તેવી હતી. ૧૯૦૪માં એમણે શરૂ કરેલા હોમિયોપથી દવાખાનામાં અત્યાર સુધીમાં ૩૦,૮૫,૧૨૫ દર્દીઓએ લાભ મેળવ્યો છે તેમજ ફિઝિયોથેરપી સેન્ટર દ્વારા પણ પચીસ હજાર દર્દીઓને સારવાર અપાઈ છે. છેલ્લાં પાંચેક વર્ષમાં આ ટ્રસ્ટે ગરીબ અને સામાન્ય વર્ગના શિક્ષણ માટે બે કરોડનું દાન કર્યું છે. એ ટ્રસ્ટના અગ્રણી શ્રી ઉસ્મિનભાઈ બકુભાઈ અને શ્રી શ્રેયાંગ સુતરિયાએ હાર અને શાલથી ડૉ. ચિમનલાલ ત્રિવેદીનું સ્વાગત કર્યું. જાણીતા કવિ શ્રી હરિકૃષ્ણ પાઠકે પ્રશસ્તિપત્રનું વાચન કર્યું અને સાહિત્યકાર પદ્મશ્રી ભોળાભાઈ પટેલે એ અર્પણ કર્યું. સંસ્થાના પ્રમુખશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈએ ૫૧,૦૦૦ રૂપિયાનો પુરસ્કાર અને શ્રી ધીરુભાઈ ઠાકરે ચંદ્રક અર્પણ કર્યો.

આ પ્રસંગે શ્રી ધીરુભાઈ ઠાકરે વક્તવ્ય આપતાં કહ્યું :

પ્રાતઃસ્મરણીય પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજીના પુણ્ય નામથી અંકિત સંશોધન-ચંદ્રક મારા મિત્ર પ્રો. ચિમનલાલ ત્રિવેદીને અર્પણ થયો તેનો મને આનંદ છે. એમણે કહ્યું કે યોગ્ય માણસની યોગ્ય કદર થઈ છે; કારણ કે આજે અભ્યાસને માટે લગભગ અસ્પૃશ્ય બની ગયેલ મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય તેમના અધ્યયન-સંશોધનનો વિષય બનેલ છે. સતત અધ્યયન-અધ્યાપનના અનુભવે ચિમનભાઈએ શાસ્ત્રીય સંશોધન-સંપાદનની પદ્ધતિ વિકસાવી છે. નાકર વિશેનો મહાનિબંધ અને છંદોની અનશુદ્ધ જાણકારી તેમના અભ્યાસનો ઉત્તમ પરિપાક દર્શાવે છે. નાકર નિમિત્તે વિવિધ મધ્યકાલીન કૃતિઓનાં સંપાદન આપણને તેમની પાસેથી મળ્યાં. ઉત્તમ મધ્યકાલીન વાનગીઓ અંગ્રેજીમાં ઉતરાવીને દિલ્હી સાહિત્ય અકાદમી માટે તેમણે સંપાદન કર્યું છે.

તેમની વિવેચનપ્રવૃત્તિ અર્વાચીન યુગના સાહિત્ય સુધી વિસ્તરેલી છે. ગુજરાતી સાહિત્યને વિશિષ્ટ રીતે સમૃદ્ધ કરવામાં ફાધર વાલેસ અને સ્વામી સચ્ચિદાનંદનો સર્જનાત્મક ફાળો છે. તેમનાં લખાણોને ચિમનભાઈએ સુસંપાદિત કરીને સુલભ કરી આપેલ છે. આ બહુવિધ સાહિત્યસેવાની કદર રૂપે શ્રી ચિમનભાઈને દિલ્હી સાહિત્ય અકાદમી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત સાહિત્ય સભા, અનંતરાય રાવળ સ્મારક સમિતિ, ભાષાસમ્માન ઍવૉર્ડ સમિતિ વગેરે સંસ્થાઓએ સમ્માનિત કરેલ છે. છેલ્લે તેમને ૨૦૦૯નો રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો તે એ સર્વેના શિરમોર શો છે, અને આજનો ચંદ્રક શ્રેષ્ઠ યશકલગીરૂપ છે.

મારા એ વિદ્વાન સન્મિત્રને આ પ્રસંગે હું હાર્દિક અભિનંદન આપું છું. આ પ્રકારના સમારંભો વિદ્વાનોની ઊગતી પેઢીને પ્રેરણારૂપ બનશે એવી શ્રદ્ધા રાખું છું.

એ પછી શ્રી ચિમનલાલ ત્રિવેદીએ પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું કે

પુણ્યશ્લોક 'આગમપ્રભાકર' મુનિશ્રી પુણ્યવિજયજીના નામ સાથે અંકિત થયેલો આ ચંદ્રક, વિદ્વાન-સંશોધક આચાર્યશ્રી વિજય શીલચંદ્રસૂરિજીની નિશ્રામાં, સ્વીકારતાં હું ધન્યતાની લાગણી અનુભવું છું. આ ચંદ્રક માટે મારી પસંદગી કરનાર પસંદગી-સમિતિના સભ્યો પ્રત્યે મારી કૃતજ્ઞતાની લાગણી પ્રકટ કરું છું અને મુનિ પુણ્યવિજયજીનું હું પુનિત સ્મરણ કરું છું.

એ પછી એમણે મધ્યકાળનું ગુજરાતી સાહિત્ય આદિથી અંત સુધી જૈન સાધુકવિઓ દ્વારા કઈ રીતે સમૃદ્ધ થતું રહ્યું તેની દૃષ્ટાંત સહિત ચર્ચા કરી. મધ્યકાલીન સાહિત્યમાં જૈન સાધુકવિઓની સંખ્યા લગભગ પોણા ભાગ જેટલી છે. આ સાધુકવિઓએ મધ્યકાળમાં અનેક કાવ્યપ્રકારો ઉપાસ્યા છે. રાસો, પ્રબંધ, ચોપાઈ, ફાગુ, બારમાસી જેવાં રૂઢ કાવ્યરૂપો ઉપરાંત અન્ય કાવ્યપ્રકારો – સ્તવન, સજ્ઝાય, કક્કો – માતૃકા વિવાહલુ તેમજ ગદ્યમાં બાલાવબોધો, ટબા, ઔક્તિક, વર્ણક જેવાં સ્વરૂપો એમણે ખેડ્યાં છે. ગેય દેશીબંધો તેમજ ધ્રુવાઓના વૈવિધ્યનો તો પાર નથી. અલંકારો પ્રમાણમાં પરંપરાગત છે; પરંતુ સબળ પ્રાસરચનાની એમની સાહજિકતા ઊડીને આંખે વળગે એવી છે. એમણે વિવિધ કવિકૌશલો-પ્રયુક્તિઓ ઉપયોગમાં લીધાં છે.

એ પછી મધ્યકાલીન જૈન કવિઓના વિપુલ સર્જનનો એમણે આસ્વાદ કરાવ્યો હતો. એમણે કહ્યું કે, 'એમાં વર્ણનો અને નાદલીલાનો વૈભવ ઘણો છે, પરંતુ માનવીય સંવેદનો – માનવપ્રકૃતિની લાક્ષણિકતા એટલાં જોવા મળતાં નથી.'

જૈન સમાજે હસ્તપ્રતોની સાચવણીની જે વ્યવસ્થા કરી છે એ ઉત્તમ કોટિની છે. માતા જેમ બાળકની માવજત કરે એમ આ હસ્તપ્રતોની સાચવણી જૈનભંડારોમાં થઈ રહી છે. એમાં જૈનેતરોની કેટલીક હસ્તપ્રતો પણ હશે.

પોતાના વ્યાખ્યાનના અંતે એમણે સૂચન કર્યું કે આ હસ્તપ્રતો ક્રમે ક્રમે પ્રકાશિત થતી રહે એવી વ્યવસ્થા ગોઠવાય તો આપણું મધ્યકાલીન સાહિત્યવિત્ત પ્રકાશમાં આવે. જૈન પરંપરાની અને જરૂર જણાય તો સાથે જૈનેતર પરંપરાના વિદ્વાનોની એકાદ વિદ્વત્મંડળી બનાવી એમને આ હસ્તપ્રતોની તારવણી કરવાનું કાર્ય સોંપાય તો ઇષ્ટ પરિણામ આવે અને અગ્રણી સંસ્થાઓ દર વર્ષે એક કૃતિ પ્રકાશિત કરવાનું સ્વીકારે.

પૂજ્ય આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિજી મ. સા.એ આશીર્વચન આપતાં જણાવ્યું કે આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી એ કોઈ સાંપ્રદાયિક કે ગુજરાતમાં સીમિત રહે તેવી પ્રતિભા નહોતી. એ એક વૈશ્વિક પ્રતિભા હતી. આવા વ્યક્તિત્વ સાથે આપણે કઈ

(અનુસંધાન નવમા પાને)

## રવીન્દ્રનાથની દોઢસોમી જન્મજયંતી પ્રસંગે

# જય હે કવિ રવિ

નોબેલ પુરસ્કાર મળ્યો હોય એવા કવિઓ વિશ્વમાં અનેક થઈ ગયા, જેમાંના ઘણા તો લગભગ નામશેષ થઈ ગયા છે; પરંતુ એશિયા ખંડમાં પ્રથમ નોબેલ પ્રાઇઝ મેળવનાર રવીન્દ્રનાથ ઠાકુર એક માત્ર એવા કવિ છે, જેમના જન્મની દોઢસોમી જન્મજયંતી યુનેસ્કો જેવી સંસ્થાના આયોજનમાં આખા વિશ્વમાં ઊજવાય છે. આપણને આશ્ચર્ય થાય કે આ એક એવા ભારતીય કવિ છે, જેમની કવિતા આજે પણ નવા નવા અનુવાદો સાથે પ્રગટ થાય છે અને વિશ્વભરમાં વંચાય છે. આ અનુવાદો ઘણે ભાગે બંગાળીના અંગ્રેજી અનુવાદો પરથી થાય છે, પણ મૂળ બંગાળીમાંથી સીધા પોતાની ભાષામાં અનુવાદો કરે એવા કવિઓ દેશ દેશમાં પાકવા માંડ્યા છે. ચીન જેવા દેશમાં ૧૭ કવિઓનું જૂથ રવીન્દ્રનાથને મૂળ બંગાળીમાંથી સીધા ચીની ભાષામાં ઉતારી રહ્યું છે. અંગ્રેજી અનુવાદોને આધારે તો વિશ્વની એક પણ મુખ્ય ભાષા નથી, જેમાં રવીન્દ્રનાથ નવે અવતારે ન આવતા હોય ! અંગ્રેજીમાં પણ નવા નવા અનુવાદો થતા જાય છે. એનો અર્થ એવો કે જ્યારે વિશ્વ દોઢસોમી જન્મજયંતી ઊજવે છે ત્યારે આ કવિની વાણીના ભાવકો સમગ્ર વિશ્વમાં ઉપલબ્ધ છે.

રવીન્દ્રનાથને આપણે સામાન્ય રીતે બે રીતે ઓળખીએ છીએ, એક કવિ તરીકે અને શાંતિનિકેતનના સ્થાપક તરીકે. તેમાંય તેમને નોબેલ પ્રાઇઝ રળી આપનાર વિશ્વવિખ્યાત 'ગીતાંજલિ'ના કવિ તરીકે વિશેષ. પોતે જ અનૂદિત કરેલી આ ગીતાંજલિમાં માત્ર ૧૦૩ કાવ્યો છે, જેને આધારે તેમને ૧૯૧૩માં નોબેલ પ્રાઇઝ મળ્યું. આખું વિશ્વ આભું થઈ ગયું હતું કે એક ગુલામ દેશના હિન્દુ કવિને આ ઇનામ મળી રહ્યું છે. એ વખતે 'ગીતાંજલિ'ની અંગ્રેજીમાં તો દર મહિને એકાધિક આવૃત્તિઓ છપાતી રહી, પણ પછી નોબેલ પ્રાઇઝ મેળવનાર આંદ્ર જિદ જેવા ફ્રેંચ કવિ અને હિમેનેથ જેવા સ્પૅનિશ કવિએ પણ આ કવિને પોતાની ભાષામાં ઉતારેલા.

પરંતુ રવીન્દ્રનાથ માત્ર ૧૦૩ કાવ્યોની ચોપડી 'ગીતાંજલિ'ના જ કવિ નહોતા. તેમણે, જો કવિતાની જ વાત કરીએ તો ૧૦૦૦થી વધારે કાવ્યો અને ૨૦૦૦થી વધારે કવિત્વથી ભરપૂર ગીતો લખ્યાં છે, જે આજે બંગાળમાં ઘેર ઘેર ગવાય છે. આ કવિએ પોતાની સ્વરાવલિ ઘડી, જે આજે રવીન્દ્રસંગીતને નામે ઓળખાય છે. રવીન્દ્રનાથનાં આ કાવ્યો

અને ગીતોમાં આપણા દેશની વૈષ્ણવ અને રહસ્યવાદી બાઉલ પરંપરા પણ ગૂંથાઈ ગઈ છે, જેમાં એમના 'ઈશ્વર' ને 'જીવનદેવતા'ને ઓળખી શકીએ. ગીતાંજલિ એ રીતે ભક્તિપ્રધાન રચના પણ ગણાય, પણ રવીન્દ્રનાથને માટે મનુષ્ય એ ઈશ્વર રૂપે છે અને ઈશ્વર મનુષ્ય રૂપે છે. એટલે એમની કવિતામાં પ્રેમ, ભક્તિ, પ્રકૃતિ એકરૂપ થઈ ગયાં છે.

રવીન્દ્રનાથ સર્વતોમુખી પ્રતિભાના સર્જક છે. કવિતા ઉપરાંત તેમણે એકસોની આસપાસ અપ્રતિમ વાર્તાઓ લખી છે, જે એમના લખાયા પછી આજે સો વર્ષે પણ એટલી તાજગીપૂર્ણ છે. વાર્તાઓ ઉપરાંત ટૉલ્સ્ટૉયની 'યુદ્ધ અને શાંતિ' જેવી નવલકથાઓ સાથે સરખાવી શકીએ એવી યુગચેતનાની 'ગોરા' જેવી નવલકથા લખી છે. ઉપરાંત 'ઘરે બાહિરે', 'ચતુરંગ', 'ચાર અધ્યાય', 'જોગાજોગ' જેવી ખ્યાતિપ્રાપ્ત કથાઓના આજે અનુવાદો થાય છે. સત્યજિત રાયે તેમની કૃતિઓ પરથી 'તીન કન્યા', 'ચારુલતા', 'ઘરે બાહિરે' જેવાં અમર ચિત્રપટોનું સર્જન કર્યું છે.

આપણા દેશમાં ગાંધીજી અને રવીન્દ્રનાથ જેવી વિભૂતિઓ એક સમયે પ્રગટ થઈ. ગાંધીજી રવીન્દ્રનાથને ગુરુદેવ કહેતા; રવીન્દ્રનાથ તેમને મહાત્મા કહેતા. આ બંને વિભૂતિઓમાં વૈચારિક મતભેદ પડતા, પણ પારસ્પરિક આદર એટલો જ રહેતો, એટલે તો રવીન્દ્રનાથે શાંતિનિકેતનમાં સ્થાપેલું વિશ્વભારતીનું પોતાનું સ્વપ્ન જીવનના અંતિમ દિવસોમાં ગાંધીજીને હવાલે મૂક્યું હતું. સાહિત્યકાર રવીન્દ્રનાથ ગાંધીજીની જેમ જ એક નવી દૃષ્ટિ ધરાવનાર શિક્ષણકાર હતા. આજે એની સ્થાપનાનાં એકસોથીયે વધારે વર્ષ પછી રવીન્દ્રનાથની શાંતિનિકેતન શાળા જાણે ભારતનું એક તીર્થસ્થાન બની ગઈ છે, એટલું જ નહિ પણ એ રવીન્દ્રનાથના નામનો પર્યાય બની ગઈ છે.

રવીન્દ્રનાથ એક શ્રેષ્ઠ સાહિત્યસર્જક હતા. નૃત્ય, નાટ્ય, ગાનમાં એમણે મૌલિક અર્પણ કર્યું છે, પણ આ કવિ હાથીદાંતની મિનારમાં બેસીને લખનાર કવિ નહોતા. ૧૯૦૫માં બંગભંગ વખતે કવિએ એ આંદોલનમાં ઝુકાવી એવાં ગીતો રચ્યાં જે આજે પણ પ્રેરણા આપે છે; ગુજરાતીમાં આપણે 'એકલો જાને રે' કેટલી વાર ગાઈએ છીએ ? પણ આશ્ચર્યની વાત તો એ છે કે આ એક જ કવિ આખી દુનિયામાં એવા છે જેમણે બે રાષ્ટ્રો માટે રાષ્ટ્રગીતો રચ્યાં હોય. ભારત માટે તો આપણને તેમણે 'જનગણમન' આપ્યું અને બાંગ્લાદેશ માટે 'ઓ આમાર બાંગ્લા આમિ તોમાય ભાલો બાસિ' (હે મારી બંગભૂમિ, તને હું ચાહું છું) જેવું રાષ્ટ્રગીત આપ્યું. સંકુચિત રાષ્ટ્રવાદમાં માનનાર આ કવિ નહોતા. વિશાળ માનવતાવાદ એ એમનું દર્શન હતું. એમની વિશ્વભારતીનો ધ્યાનમંત્ર જ હતો – 'આખું વિશ્વ જ્યાં એક માળો બને છે.'

આ કવિની દોઢસોમી જન્મજયંતી તો આપણે એમના વિપુલ સર્જનમાંથી આસ્વાદ લઈને ઊજવવી યોગ્ય છે. ગીત-સંગીત તો ખરાં, નૃત્યનાટ્ય તો ખરાં, પણ ૬૯મા વર્ષે પીંછી લઈ ૨૫૦૦ જેટલાં ચિત્રોનું સર્જન કરનાર રવીન્દ્રનાથ કણેકણે અને ક્ષણેક્ષણે

સર્જક હતા એની પ્રતીતિ કરાવે છે. એમનાં ચિત્રો આરંભમાં તો એટલી ખ્યાતિ નહોતાં પામ્યાં, પણ આજે આધુનિક વિશ્વના અભિનવ અને ઉત્તમ ચિત્રકારોમાં એમની ગણના થાય છે ! એ ચિત્રો જોવાની નજર પણ આપણે કેળવવી જોઈએ.

રવીન્દ્રનાથનો સંબંધ તો આખા વિશ્વ સાથે હતો, પણ આપણા ગુજરાત સાથે એમનો વિશિષ્ટ સંબંધ હતો. આજે જ્યાં શાહીબાગમાં શાહજહાંનો મહેલ છે, ત્યાં ૧૮૭૭માં પોતાના મોટા ભાઈ સાથે રહ્યા હતા અને એ નિવાસે જ 'ક્ષુધિત પાષાણ' જેવી અમર વાર્તાનું બીજ પૂરું પાડ્યું હતું. પછી તો ગાંધીજીના નિમંત્રણથી ૧૯૨૦માં ગુજરાતી સાહિત્ય પરિષદમાં મુખ્ય અતિથિ તરીકે પધારેલા. એમની કૃતિઓના સૌથી વધારે અનુવાદ કદાચ આપણી ગુજરાતી ભાષામાં થયા છે. ગૂજરાત વિદ્યાપીઠ અને શાંતિનિકેતન – વિશ્વભારતી જાણે ભગિની સંસ્થાઓ હતી. વિદ્યાપીઠના સ્નાતકો શાંતિનિકેતનમાં ઉચ્ચ અભ્યાસ માટે જતા, જેમાંથી આપણને પ્રહ્‌લાદ પારેખ, કૃષ્ણલાલ શ્રીધરાણી, ગણપતલાલ ભાવસાર જેવા કવિઓ અને નગીનદાસ પારેખ, બચુભાઈ શુક્લ જેવા અનુવાદકો મળ્યા. ગુજરાતને રવીન્દ્રનાથનું અપ્રતિમ પ્રદાન છે. સુન્દરમ્, ઉમાશંકર, નિરંજન ભગત, રાજેન્દ્ર શાહ જેવા કવિઓની રચનાઓ પર ગુરુદેવ રવીન્દ્રનાથની સર્જનાત્મક છાયા છે. આવા આ એક વિશ્વશ્રેષ્ઠ કવિનું – કવિ રવિનું એમની દોઢસોમી જન્મજયંતી પ્રસંગે આપણે અભિવાદન કરીએ.

**– ભોળાભાઈ પટેલ**

(છઠ્ઠા પાનાનું ચાલુ)

રીતે કામ કરવું કે જેથી એમની સ્મૃતિ જીવંત રહે. તેમાંથી આ ચંદ્રક આપવાનો વિચાર સૂઝ્યો. વૈશ્વિક રીતે આયોજન થાય તે માટે વિશ્વકોશ ટ્રસ્ટ યાદ આવ્યું. આ સંસ્થાના માધ્યમથી ચંદ્રક અપાય તેવી ગોઠવણ કરી. નમન કરવાનું મન થાય એવું કામ આ સંસ્થા કરે છે.

મુનિશ્રી પુણ્યવિજયજી મૂળ કપડવંજના અને જ્ઞાનપાંચમના દિવસે જ જન્મેલા. વિદ્યાના કામનો સંકેત ત્યાં જોડાયેલો છે. જ્યાં લાઇટ નહોતી તેવી જગ્યાએ અઢાર-અઢાર કલાક સુધી કામ કર્યું છે અને તે પણ disturb થયા વિના. આપણે વિદ્યાનું સેવન કરીએ છીએ, પણ તપ પુણ્યવિજયજીએ કર્યું. આજે સાચા સાહિત્યકાર અને સંશોધક સુધી પુણ્યવિજયજીનું નામ પહોંચ્યું છે તેનો આનંદ છે. મધ્યકાલીન સાહિત્યમાં જો યોગ્ય સંપાદન થાય તો તે પ્રગટ કરવાની જરૂર વ્યવસ્થા થઈ શકે.

આ કાર્યક્રમનું સંચાલન ડૉ. પ્રફુલ્લ રાવલે કર્યું હતું. આ રીતે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે બે નવી દિશામાં કદમ માંડ્યાં અને એને સહુ કોઈ તરફથી આવકાર મળ્યો તે આનંદદાયક બાબત બની રહી. ❑

# પ્રાણીઓને પીડતાં ગરમીનાં મોજાં

ત્સુનામીમાં સમુદ્રનાં ઊંચાં ઊંચાં ઊછળતાં મોજાં કિનારાના પ્રદેશોને ધમરોળી નાખે છે તેમ ગરમીનાં મોજાં (heat-waves) જ્યાં જ્યાં ફરી વળે છે ત્યાં હાહાકાર મચાવી દે છે. માનવીઓ કેટલા ત્રાહિમામ્ થઈ જાય છે તે આપણે જાણીએ છીએ. પરંતુ અબોલ પ્રાણીઓની જે હાલત થાય છે તે આપણે જાણતા નથી. એવો એક અભ્યાસ છે કે ૨૩મી સદીમાં પૃથ્વી પર આજે જેટલો નિવાસ્ય વિસ્તાર છે તેનો અડધો વિસ્તાર વસવાટ લાયક નહીં રહે. આજનાં કેટલાંય શહેરો ભૂતિયાં શહેરો થઈ જશે. ત્યાં જે લોકો વસતા હશે તે વાતાનુકૂલિત ઘરો અને ઇમારતોમાં પુરાઈને વસતા હશે. દૂધાળાં પશુઓના વાડા કે પાલતુ પશુઓનાં રહેણાંક પણ વાતાનુકૂલિત હશે; પરંતુ અન્ય પશુ-પંખીઓએ તે વસવાટ છોડી દેવો પડશે. જો નહીં છોડી દે તો મોતને ઘાટ ઊતરી જશે. આ તો ૨૩મી સદીની વાત થઈ; પરંતુ ૨૧મી સદીમાં પણ અબોલ પશુઓ અને પંખીઓની ગરમીનાં મોજાં સામે શી સ્થિતિ થાય છે તે પણ કંપારી ઉપજાવે તેવી છે.

યુનિવર્સિટી ઑવ્ કેમ્બ્રિજના પીએચ.ડી. કરતા જસ્ટીન વેલબર્ગેન નામના એક સંશોધકે જે જોયું તે રૂંવાડાં ઊભાં કરનારું છે. તે ફ્લાઇંગ ફૉક્સ એટલે કે ઊડતી લોમડી નામની ફળ ખાનારી વડવાગોળની સામાજિક વર્તણૂક પર સંશોધન કરી રહ્યા હતા. આપણે જાણીએ છીએ કે વડવાગોળની અનેક જાતો છે. વડવાગોળ ઊડે છે પણ તે પક્ષી નથી. તે જીવસૃષ્ટિના વર્ગીકરણમાં 'મેમલ્સ' વર્ગનું પ્રાણી છે. તેને આંચળવાળા પ્રાણીનો વર્ગ અથવા સસ્તન વર્ગના પ્રાણીનો વર્ગ પણ કહે છે. માનવી પણ આ વર્ગનું જ પ્રાણી છે.

જસ્ટીન વેલબર્ગેન એ દિવસ કદી નહીં ભૂલી શકે જ્યારે તેઓ સેંકડો પ્રાણીઓને ટપોટપ મોતને ઘાટ ઊતરતાં જોઈ રહ્યા. આ જાન્યુઆરી ૨૦૦૨ની વાત છે. તેઓ ઑસ્ટ્રેલિયામાં ઉત્તર ન્યૂ સાઉથ વેલ્સમાં આવેલ 'ફ્લાઇંગ ફૉક્સ'ની વસાહત અવલોકી રહ્યા હતા. અત્રે યાદ રહે કે ઑસ્ટ્રેલિયા દક્ષિણ ગોળાર્ધમાં હોવાથી તેને માટે તે ઉનાળાની ઋતુ હતી. તાપમાન હજુ વધીને ૪૩ અંશ સેલ્સિયસની ટોચે પહોંચ્યું હતું. તે વખતે વડવાગોળોની વર્તણૂક વિચિત્ર થઈ ગઈ. સામાન્ય રીતે ઝાડની ટોચ પર લટકીને વડવાગોળો ઝોકાં ખાતી હોય છે અથવા તો ઝાડની ટોચ પર ઘોંઘાટ કરી અંદરોઅંદર કજિયા કરતી હોય છે; પરંતુ તે દિવસે વર્તણૂક કંઈક જુદી જ હતી. તે બધી જ તંગદિલી અનુભવી રહી હતી. તેઓ આવેશમાં આવી જઈને પોતાને વીંઝતી હતી અને હાંફતી હતી. કેટલીક વળી કાંડા અને પ્હોંચાને ચાટીને ઠંડક મેળવવા કોશિશ કરી રહી હતી.

તે પછી તે ઝાડ પરથી એકાએક નીચે પડવા લાગી જાણે કે ફ્લાઇંગ ફૉક્સનો વરસાદ પડી રહ્યો હોય. તે પૈકી જે જમીન પર પટકાણી ત્યારે મૃત્યુ પામેલી ન હતી તે તુરત જમીન પર પટકાતાં મૃત્યુ પામી. બીજી વડવાગોળો ઝાડ પર જ મૃત્યુ પામી. આ બિહામણું દૃશ્ય હતું.

તે એક જ દિવસે બપોર પછીના ગાળામાં વેલબર્ગેન જે વસાહતનો અભ્યાસ કરતા હતા તેમાં ૨૦૦૦ વડવાગોળ મૃત્યુ પામી. નજીકની વડવાગોળની વસાહતોમાં હજારો બીજી નાશ પામી. આમ ૧૯૯૪થી માંડીને ૨૦૦૨ સુધીમાં ગરમીનાં મોજાંને કારણે ઑસ્ટ્રેલિયામાં ૩૦,૦૦૦ ફ્લાઇંગ ફૉક્સ મૃત્યુને ભેટ્યાં. તેમાં ખાસ કરીને યુવાન વડવાગોળો અને પુખ્ત વડવાગોળ માદાઓની સંખ્યા વધારે હતી. વેલબર્ગેને તેના આ અનુભવને પ્રભાવી એપિફની કહ્યો છે. એપિફની શબ્દ મેજાઈને થયેલ ખ્રિસ્તનાં દર્શન માટે વપરાય છે. વેલબર્ગેન એમ માનતા હતા કે વડવાગોળો ગરમી સહી શકે છે; પરંતુ તે પોતે ખોટા હતા તેવો અનુભવ થયો. વેલબર્ગેન જે ઘટનાના સાક્ષી બન્યા તે વધુ અને વધુ ભયંકર થતા જતા જગતની આગાહી છે. તે એવા ભવિષ્યની આગાહી છે જેમાં દુર્લભ એવી હવામાનની ઘટનાઓ જેવી કે ગરમીનાં મોજાં, પૂર હોનારતો, દુષ્કાળો અને વાવાઝોડાં વધારે સામાન્ય બનશે. આ અંતિમ ઘટનાઓની વન્યજીવન અને પારિસ્થિતિકી તંત્ર પર ગંભીર અસરો પહોંચશે. તેના લીધે જીવોની કેટલીક જાતિઓ નષ્ટપ્રાય થઈ જશે.

આપણી આબોહવાના બદલાવની એક નિશ્ચિતતા કોઈ હોય તો તે એ છે કે હવામાન વધારે ગરમ થઈ રહેલ છે. આ રીતે હવામાન વધારે ગરમ થઈ રહેલ છે ત્યારે આબોહવાના મૉડલ સૂચવે છે કે એક જમાનામાં ભાગ્યે જ આવતું ગરમીનું મોજું હવે વારંવાર આવવા લાગે છે અને કદી ન સાંભળેલ હોય તેવા અંતિમોના ઘાત વખતોવખત થતા રહેશે.

કેટલાક તજ્જ્ઞોએ કમ્પ્યૂટર-અનુરૂપણનો ઉપયોગ કરી ભાવિ આબોહવાનાં અંતિમો દર્શાવતું મૉડલ તૈયાર કરેલ છે. તેમણે શોધી કાઢ્યું છે કે ગરમીનાં મોજાં વારંવાર આવવાની સંભાવના છે. તેનાં કારણો સાંખ્યકીની મદદથી સહેલાઈથી સમજાવી શકાય તેમ છે. ધારો કે વૈશ્વિક તાપમાનનું સમય સાથે વિતરણ ઘંટાકાર છે. મોટા ભાગના સમયે તે સામાન્ય હોય છે પરંતુ થોડાક સમયના ગાળા અસાધારણ રીતે ગરમ અથવા ઠંડા હોય છે. આબોહવાનું તંત્ર વધારે ગરમ થવાનો અર્થ એ થાય કે ઘંટાકાર વિતરણનો ઉપરનો છેડો વધારે સપાટ થાય છે. તે અતિશય ગરમીની ઘટના બનવાની વધારે તકો સર્જે છે.

## સંશોધન

અંતિમ તાપમાનો પૃથ્વીના પારિસ્થિતિકી તંત્રને એક છેડેથી બીજા છેડા સુધી અસર કરે છે. અર્થાત્ સમગ્ર પૃથ્વીને અસર કરે છે; પરંતુ જીવવિજ્ઞાનીઓની ચિંતા એટલા માટે વધતી જાય છે કે ઉષ્ણતાકટિબંધીય વરસાદી જંગલોને થનારી અસર ત્યાંની જીવ-સૃષ્ટિને હાનિ કરે તેમ છે. આ વિસ્તાર એવા જીવોની જાતિઓથી ભરપૂર છે કે જેમણે લગભગ અચળ તાપમાન સાથે અનુકૂલન સાધેલ છે. હવે ત્યાં તાપમાન અંતિમ પર પહોંચવા લાગે તો આ જીવસૃષ્ટિ તો તબાહ જ થઈ જાય. તેની ચિંતા જીવવિજ્ઞાનીઓને ખાઈ રહી છે. આ જીવોની જાતિઓમાં જે સૌથી પ્રહાર્ય છે તે ઘણી મોટી સંખ્યામાં પક્ષીઓ, સસ્તન વર્ગનાં પ્રાણીઓ (મેમલ્સ), ગરોળીની જાતનાં પ્રાણીઓ અને દેડકાઓ છે. આ એવા જીવો છે જે ઠંડા, વાદળછાયા, પર્વતની ટોચ, જંગલો માટે નિર્માયા છે.

હવે જ્યારે ગરમી વધી જાય છે ત્યારે આ પર્વતો પર વસતી જાતિઓને ક્યાંય જવાનું ઠેકાણું રહેતું નથી. તજ્જ્ઞોના મતે જો દુનિયાના સરેરાશ તાપમાનમાં ૨થી ૩ અંશ સેલ્સિયસનો વધારો થાય તો મોટા ભાગના આ જીવોની જાતિઓ નાશ પામશે. વાતાવરણમાં તાપમાનના થતા વધારા કરતાં ગરમીનાં મોજાં જીવોની જાતિઓના હ્રાસ માટે જવાબદાર છે.

આ તો ગરમીનાં મોજાંની પ્રાણીઓ પર થતી ઘાતક અસરનો નમૂનો છે; પરંતુ આપણે એ વાત યાદ રાખવાની છે કે માનવીને તાપમાનનો વધારો જેટલો પીડે છે તેના કરતાં વિશેષ તાપમાન અને ભેજમાનના વધારાની જુગલબંધી પીડે છે. આજે વાતાવરણનું તાપમાન ૫૦ અંશ સેલ્સિયસ થઈ જાય; પરંતુ વાતાવરણ સૂકું હોય તો ટકી જવાય છે; પરંતુ વાતાવરણમાં ભેજ વધારે હોય તો આટલા તાપમાન સુધી પણ જીવી શકાતું નથી. જો હવા સંતૃપ્ત હોય એટલે કે પોતાનામાં વિશેષ ભેજ સમાવી શકે તેમ ન હોય તો ૩૫ અંશ સેલ્સિયસ તાપમાન પણ જીવલેણ નીવડે છે. આ ઉષ્મા-તણાવ (heat stress) છે તે સાદું પારાનું થરમૉમિટર નહીં પરંતુ ભીના ગોળાવાળું અર્થાત્ વેટ-બલ્બ થરમૉમિટર માપે છે. આ વેટ-બલ્બ થરમૉમિટર ૩૫ અંશ સેલ્સિયસ કે તેથી વધારે બતાવતું હોય તેવી પરિસ્થિતિમાં થોડા કલાકો કે દિવસોથી વધારે બચી શકાય નહીં. તે મૃત્યુને નોતરવા જેવું છે.

**– વિહારી છાયા**

## આપણો વારસો

उदारस्य तृणं वित्तं शूरस्य मरणं तृणम्।
विरक्तस्य तृणं भार्या नि:स्पृहस्य तृणं जगत्।।

ઉદાર વ્યક્તિને માટે ધન તણખલા સમું છે. શૂરવીરને મરણ તણખલા જેવું છે. વિરક્ત(વૈરાગ્યશીલ)ને પત્ની તૃણ સમી છે. સ્પૃહા વગરનાને જગત તણખલા સમું છે.

# 'મુક્તાંગણ'નો નાટ્યસર્જક

બંગાળી નાટ્યસર્જક અને રંગશિક્ષક બાદલદાએ ૮૬ વર્ષની ઉંમરે ગઈ ૧૪મી મેએ વિદાય લીધી. ગઈ સદીના સાતમા-આઠમા-નવમા દાયકાની નાટ્યવિભૂતિઓમાં એમની ગણતરી ઘણી આગળ મૂકવી પડે. એ બંગાળમાં જન્મ્યા, પણ ભારતીય થિયેટરના મહાન નાટ્યકારોમાં એમની ગણતરી થાય છે. નવું સ્વીકારવું, એને સાંપ્રતની સાથે પળોટી જોવું અને પોતાનું વિચારપરિવર્તન થાય તો બીજાને મન ગમે તેટલું મહત્ત્વનું લાગતું પ્રદાન પણ હિંમતભેર છોડી દેવું એ એમની સૌથી મોટી વિશેષતા. 'એવમ્ ઇન્દ્રજિત', 'પગલા ઘોડા' જેવાં ભારતભરમાં ખૂબ સ્વીકૃત નાટકો લખ્યાં પછી, એ પ્રોસેનિયમ આર્ક થિયેટર માટે લખાયાં, અને ત્યાં જ પોતે અને અન્ય દિગ્દર્શકોએ ખૂબ સફળતાપૂર્વક ભજવ્યાં પછી પણ, જ્યારે પ્રોસેનિયમ આર્કની બહારની નાટ્યપ્રસ્તુતિઓ એમને વધુ સાર્થક લાગી, એટલે પૂરી નિષ્ઠાથી એમાં જ રચ્યાપચ્યા રહ્યા, અને પેલાં નાટકોથી મોં ફેરવી લીધું. આ પ્રોસેનિયમ આર્ક એટલે પડદાથી વિભાજિત, ઊંચે મંચે નટો અને સામે નીચે પુશબૅક ચૅરમાં બેઠેલા પ્રેક્ષકો વચ્ચે ૧૮૦°ના દર્શનની સામાન્ય થિયેટરોની રચના.

કારણ કે એમને 'થર્ડ થિયેટર'ની વિચારસરણી વધુ સુસંગત અને અર્થપૂર્ણ લાગી. એમના મતે બંગાળની વ્યાવસાયિક શહેરી રંગભૂમિ તે પહેલી, અને તાલુકા અને ગામડાંમાં પ્રસ્તુત થતી 'લોકનાટ્ય જાત્રા'ની પ્રસ્તુતિઓ એ બીજી રંગભૂમિ. આ બધાંથી જુદી એમની રંગભૂમિની કલ્પના એ 'ત્રીજું થિયેટર'. એમાં પ્રેક્ષકો ઍક્ટરોને ઘેરીને એ જ લેવલે બેસે, નાટકની જરૂરિયાત પ્રમાણે પ્રેક્ષકોની વચ્ચેથી પણ ઍક્ટરો પસાર થાય, અને પ્રેક્ષકોયે આગળ-પાછળ દૂર-નજીક કે ક્યારેક ઉપર-નીચે પણ ઍક્ટરોને જુએ ! અહીં નમનીય (flexible) નટ-પ્રેક્ષક સંબંધ અને નટોનું એટલે કે એમના દ્વારા વ્યક્ત થતું જીવનનું ૩૬૦°નું દર્શન કરાવતી રંગભૂમિની રચના છે.

આપણે ત્યાં શહેરની રંગભૂમિ વ્યવસાયલક્ષી છે અને ગામડાંઓમાં વિકસેલી ભવાઈને આપણે વિકાસના પ્રચારમાં જોતરી છે. આપણી તો બીજી પણ બે રંગભૂમિઓ છે – અવેતન પ્રાયોગિક અને સ્વૈચ્છિક સંસ્થાઓની વિકાસપ્રક્રિયાલક્ષી રંગભૂમિ. દેશનાં બીજાં રાજ્યો અને પ્રાંતોની રંગભૂમિના વૈવિધ્યને લીધે બાદલ સરકારે ખુદ 'થર્ડ થિયેટર'ને બદલે 'Alternate theatre'નો જ પર્યાય પછીથી સ્વીકારેલો. એ કહેતા : I am not a playwright, I am playmaker !

## શ્રદ્ધાંજલિ

બાદલ સરકાર (૧૯૨૫–૨૦૧૧) મૂળે સિવિલ એન્જિનિયર, પરંતુ દેશની તત્કાલીન રાજકીય-સામાજિક પરિસ્થિતિ જોઈ નાટક તરફ આકર્ષાયા અને એમાં ઝુકાવ્યા પછી પાછું વળીને જોયું નથી. એમની કારકિર્દીના વળાંકમાં સૌથી અગત્યની વાત મને એ લાગી છે કે નવી નવી Informal theatre spaceમાં કામ કરવું અને ત્યાં પ્રત્યાયનાત્મક (communicative) નાટ્યરચના કરવી. એમણે પોતાના થિયેટરને નામ આપ્યું 'મુક્તાંગણ'. બગીચાની ખાલી જગ્યા, કોઈ લાઇબ્રેરીનો ખાલી ખંડ, કે શેરી-ગલી, જેવું નાટક એવી જગ્યા અને જેવી જગ્યા એવું નાટક ! બાદલદા નાટક માટે ઍક્ટરોને છ મહિના તાલીમ આપે. એ દરમિયાન જ નાટક સર્જાય. એ ભજવાય એમાં પ્રેક્ષક એક રૂપિયાની પ્રવેશ-ફીએ દાખલ થઈ શકે. નાટક જોવા માટે પ્રેક્ષકો મોંઘી-સસ્તી ટિકિટો લઈ દૂર-નજીક બેસે એમાં પણ એમને સમાજની અર્થવ્યવસ્થાનું દૂષણ દેખાતું હતું !

બાદલદાએ અમદાવાદમાં ત્રણ અને સુરતમાં એક એમ ચાર નાટ્ય વર્કશોપ કરી – ૧૯૮૧–૮૨માં. એનો બહુ મોટો પ્રભાવ એ વખતના નાટ્ય-વછેરાઓ પર પડ્યો છે. કેટલાક ગુણીજનો એ સ્વીકારે છે અને પોતાની શક્તિ-મતિ મુજબ નાટ્યપ્રવૃત્તિ કરે છે. આ કાર્યશિબિરોમાં તાલીમ પામેલા અને આજે નાટ્ય અને મીડિયામાં સક્રિય રંગકર્મીઓ – પરેશ નાયક, મન્વીતા બારાડી, જનક રાવલ, હિમાંશુ ત્રિવેદી, ઇન્દુ પુવાર, અદિતિ દેસાઈ, હસમુખ બારાડી, સુકુમાર ત્રિવેદી, યોગેશ ઠક્કર, કિરણ જોશી, દીપ્તિ જોશી, શફી સુબેદાર, ગીરા દારૂવાલા, દર્શિની મહાદેવિયા વગેરેએ એમના માર્ગદર્શન નીચે 'માણસ માણસ વચ્ચે' નામે શોષણવિરોધી નાટક ગુજરાતી સાહિત્ય પરિષદની અગાશીમાં પ્રસ્તુત કર્યું હતું. ગૅરેજ સ્ટુડિયો થિયેટરે એમનાં બે નાટકો રજૂ કર્યાં – 'સરઘસ' અને 'કેડીનો છેડો'.

જીવનના અંતભાગમાં, ઘણાં વર્ષોથી, આપણે ત્યાં જે સારા અને અવ્યવહારુ કલાકારો સાથે બને છે એવી આર્થિક ભીંસમાં અને અભાવની વચ્ચે એમણે ભારે અવગણનાનો સમય પસાર કર્યો, અને તો પણ કોઈ સરકારી-તરકારી કે ધનકુબેરોના દરબારમાં મુજરો ન કર્યો. તેમ ન તો એકેય સહાય કરનારી યોજનાવાળાએ સામે ચાલીને એમના તરફ દૃષ્ટિ પણ નાખી !

– **હસમુખ બારાડી**

## વાચકમિત્રોને

છેલ્લાં બાર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૫૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ — એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. ❐

# પ્રચંડ સમર્થન : પ્રચંડ અપેક્ષાઓ

મે, ૨૦૧૧ની પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો પ્રખર દિશાસંકેત દર્શાવનાર નીવડ્યાં. તામિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં સત્તા પરના પક્ષોને જાકારો દઈને બહુમતીની બાગડોર અન્ય પક્ષના હાથમાં સુપરત કરવામાં આવી છે. તામિલનાડુમાં અન્નાદ્રમુકને અને પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કૉંગ્રેસને સત્તાપ્રાપ્તિની તક સાંપડી છે. બંને રાજ્યોએ મહિલા-નેત્રીઓ, અનુક્રમે જયલલિતા જયરામ અને મમતા બેનરજીના ખભે મુખ્યમંત્રીપદની જવાબદારીઓ નાંખી છે. લોકશાહીમાં મતની નાની શી ચબરખી (અલબત્ત, હવે તો ઉમેદવારોની લાંબી યાદી) સત્તા-પરિવર્તન કેટલી સહજ રીતે કરાવવા સમર્થ છે તેની આ ઘટના દ્યોતક છે. વાસ્તવમાં આ બંને રાજ્યોમાં પ્રજાએ પ્રાદેશિક કક્ષાએ સત્તાપલટા માટે મતદાન કર્યું છે. સાથે ભારતીય રાજકારણમાં જાતિગત (જેન્ડર આધારિત) મતદાન થયેલું જણાય છે એવો અભિપ્રાય ભારે ભ્રામક છે. એથી સમગ્ર ભારતનાં વિવિધ રાજ્યોમાં કુલ મળીને મહિલા મુખ્ય પ્રધાનોની સંખ્યા વધી છે. ઉત્તરપ્રદેશમાં માયાવતી, દિલ્હીમાં શીલા દીક્ષિત સાથે મમતા બેનરજી અને જયલલિતા – એમ બીજા બે નવા ચહેરા મુખ્યપ્રધાનપદે ઉમેરાયા છે.

પશ્ચિમ બંગાળમાં ચોત્રીસ વર્ષની લાંબી શાસકીય કારકિર્દી ધરાવતા ડાબેરીઓને પદભ્રષ્ટ કરી મમતા બેનરજી અને તેમનો પક્ષ તૃણમૂલ કૉંગ્રેસ પ્રથમ વાર પદારૂઢ થયાં છે. ૨૯૪માંથી ૨૨૫ બેઠકો મેળવી કુલ બેઠકોના પંચોતેર ટકા બેઠકો આ પક્ષને ફાળે આવી છે. ડાબેરીઓથી નિરાશ થઈને પ્રજાએ આ નવા પક્ષને શાસનની ધુરા સોંપી છે તે પ્રજાની વિકાસની અપેક્ષાઓને સૂચવે છે. તામિલનાડુમાં પરિવારવાદને – વંશપરંપરાગત વારસદારની ઘોષણા કરનાર દ્રમુક અને કરુણાનિધિ સરકારને મતદારોએ અમાન્ય કર્યાં છે. રંગીન ટેલિવિઝનથી માંડીને ચોખાની વહેંચણીના પ્રલોભન છતાં મતદારોને ખરીદી શકાયા નથી એ ભારતીય લોકશાહીની ભારે મોટી સિદ્ધિ લેખાવી જોઈએ. ત્યાં ૨૩૪માંથી ૨૦૦ બેઠકો મેળવીને અન્નાદ્રમુકે ત્રણ ચતુર્થાંશ બહુમતી પ્રાપ્ત કરીને નવો ઇતિહાસ રચ્યો છે. એકંદરે પ્રજાએ પ્રાદેશિક નેતૃત્વ અને વિકાસલક્ષી મતદાન દ્વારા નવી દિશામાં જવાના સંકેતો આપ્યા છે.

કેરળમાં કૉંગ્રેસ જોડાણે મુખ્ય પ્રતિસ્પર્ધી પક્ષ કરતાં ચાર વધુ બેઠકો મેળવી સત્તા પ્રાપ્ત કરી છે. તેના નેતૃત્વ નીચેના યુનાઇટેડ ડેમોક્રૅટિક ફ્રન્ટને ૭૨ અને લેફ્ટ ડેમોક્રૅટિક ફ્રન્ટને ૬૮ બેઠકો મળી છે. આસામમાં પણ કૉંગ્રેસે ત્રીજી વાર શાસનની ધુરા જાળવી રાખી છે જ્યાં તેને વિધાનસભાની ૧૨૬માંથી ૭૮ બેઠકો પ્રાપ્ત થઈ છે.

આ પાંચે રાજ્યોમાં નવી સરકારો પાસેથી પ્રજા મોંઘવારી અને ભ્રષ્ટાચારની માત્રા ઘટે તેવી અપેક્ષા રાખે છે. વળી તે સાથે સારું શાસન-સંચાલન (good goverence) અપેક્ષિત

## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીના ઉપક્રમે જૂન મહિનામાં બે વ્યાખ્યાનો સાંજે પાંચ વાગ્યે શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૧૫ જૂન, ૨૦૧૧, બુધવાર** : વિષય : મનની અમાપ શક્તિઓ
વક્તા : શ્રી જિતેન્દ્ર અઢિયા

**૨૨ જૂન, ૨૦૧૧, બુધવાર** : વિષય : ગુજરાતના ઇતિહાસનાં કેટલાંક અજ્ઞાત પૃષ્ઠો
વક્તા : શ્રી વિષ્ણુ પંડ્યા

---

છે. નવી સરકારો આ દિશામાં નક્કર સિદ્ધિ મેળવી શકશે કે કેમ તે તો આવનારાં વર્ષો જ બતાવી આપશે. પાંચ વર્ષ માટેની આ તકનો ઉપયોગ રાજકીય પક્ષો અને નેતાઓ પ્રજા-હિતાર્થે કરી શકશે કે કેમ તે લાખ રૂપિયાનો સવાલ છે.

૨૦૧૧ની વિધાનસભાઓની આ ચૂંટણીએ બે રાજ્યોમાં મહિલા-નેત્રીઓને પ્રચંડ બહુમતી દ્વારા મુખ્યમંત્રીપદની તક આપી છે તેથી મહિલા-શક્તિના જયજયકારની આભા ઊભી થાય છે; પરંતુ વાસ્તવિક ચિત્ર જુદું જ છે. કારણ પાંચે રાજ્યોમાં મહિલાઓને હિસ્સે આવતી બેઠકોની ટકાવારી ઘટી છે. પાંચે રાજ્યોમાં ૧૦૦ બેઠકોએ માત્ર નવ બેઠકો જ મહિલા ઉમેદવારોને મળી છે. રાજ્ય અને કેન્દ્ર કક્ષાએ ૩૩ ટકા મહિલા અનામતની અપેક્ષાનો કરુણ રકાસ થયો છે તે ખેદની વાત છે. અરે ! લોકસભાની છેલ્લી સામાન્ય ચૂંટણીમાં પણ મહિલાઓને સરેરાશ ૧૧ ટકા બેઠકો મળી છે તો બીજી તરફ આ રાજ્યોની ૨૦૦૬ની વિધાનસભા ચૂંટણીઓની તુલનાએ પણ ૨૦૧૧ની ચૂંટણીમાં મહિલાઓને નીચી ટકાવારી સાંપડી છે. ૨૦૦૬માં કુલ ૮૦ બેઠકો સાથે મહિલાઓને દસ ટકા મતો પ્રાપ્ત થયા હતા જ્યારે ૨૦૧૧માં કુલ ૭૨ બેઠકો સાથે માત્ર નવ ટકા મતો મહિલાઓને પ્રાપ્ત થયા છે. આ જ વાતને બીજી રીતે રજૂ કરીએ તો ઉત્તરપ્રદેશ, દિલ્હી, પશ્ચિમ બંગાળ અને તામિલનાડુ રાજ્યોમાં દેશની કુલ વસ્તીનો એક તૃતીયાંશ ભાગ મહિલા-નેત્રીઓ દ્વારા શાસન પામશે પરંતુ તેઓ કાર્યક્ષમ વ્યવસ્થાતંત્ર પૂરું પાડી શકશે કે કેમ તે પ્રશ્ન અનુત્તર રહે છે. એકંદરે મહિલા વિધાનસભ્યોની ઘટતી પ્રતિનિધિ-સંખ્યાનું ચિત્ર નિરાશા પ્રેરે છે. મુખ્યપ્રધાનપદે મહિલા-નેતૃત્વની વધેલી સંખ્યા છતાં સમગ્રપણે મહિલાઓ બેઠકો ગુમાવી રહી છે.

આમ આ પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ મુખ્યત્વે પરિવર્તનના સંકેત દ્વારા પ્રચંડ અપેક્ષાઓનો નિર્દેશ કરે છે તે નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ધ્યાનમાં રાખવાની તાતી જરૂર છે.

**– રક્ષા મ. વ્યાસ**



આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક
શ્રી ચિમનલાલ ત્રિવેદીને એનાયત
કરતા શ્રી ધીરુભાઈ ઠાકર



જેમની પાવન નિશ્રામાં આ કાર્યક્રમ યોજાયો
તે આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિજી મ.



ડૉ. ચિમનલાલ ત્રિવેદીનું અભિવાદન કરતા
શેઠ જમનાભાઈ ભગુભાઈ ટ્રસ્ટના અગ્રણી
શ્રી શ્રેયાંગ સુતરિયા અને શ્રી ઉસ્મિન બકુભાઈ



સન્માન બદલ પ્રતિભાવ
ડૉ. ચિમનલાલ ત્રિવેદી

RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2009-11 issued by SSP Ahmedabad-9 Valid Upto 31-12-2011



ગુજરાતી ભાષા, સાહિત્ય અને
એની અસ્મિતાને ઉજાગર કરતો

# ગુજરાતી વિશ્વકોશ

## ખંડ - ૧ થી ૨૫

૧૦૦૦ પાનાંનો એક એવા ૧ થી ૨૫ ગ્રંથો
('અ' થી 'હ' સુધી)માં
૧,૭૦૦થી વધુ વિદ્વાનો અને
લેખકોએ લખેલાં ૧૬૯ વિષયનાં
૨૩,૦૦૦થી વધુ લખાણોનો સમાવેશ.

સવા કરોડથી વધુ શબ્દસંખ્યા
અને અદ્યતન માહિતી ધરાવતો
પ્રમાણભૂત વિશાળ જ્ઞાનસંચય.

દરેક સંસ્થા, ગ્રંથાલય અને
વ્યક્તિએ વસાવવા જેવી ગ્રંથશ્રેણી

વિવિધરંગી વાચનસામગ્રી ધરાવતા
ગ્રંથ ૧ થી ૨૫ સુધીની
આ શ્રેણીની કિંમત

રૂ. ૨૦,૮૦૦/- છે,
જે રૂ. ૧૫,૬૦૦/- માં મળશે

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ